## GUJARAT EASE OF DOING BUSINESS BILL, 2026.

## GUJARAT BILL NO. 27 OF 2026.

***A BILL***

*further to amend certain enactments to enhance trust-based governance for ease of living and doing business.*

It is hereby enacted in the Seventy-seventh Year of the Republic of India as follows:-

**1.** (1) This Act may be called the Gujarat Ease of Doing Business Act, 2026. **Short title and commencement.**

(2) It shall come in force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

**Amendment of certain enactments.**

**2**. The enactments mentioned in column (4) of the Schedule are hereby amended to the extent and in the manner mentioned in column (5) thereof.

**Savings.**

**3.** (1) The amendment or repeal by this Act of any enactment shall not affect, –

(a) any other enactment in which the amended or repealed enactment has been applied, incorporated or referred to; or

(b) the validity, invalidity, effect or consequences of anything already done or suffered, or any right, title, obligation or liability already acquired, accrued or incurred or any remedy or proceeding in respect thereof, or any release or discharge of, or from any debt, penalty, obligation, liability, claim or demand, or any indemnity already granted, or the proof of any past act or thing; or

(c) any principle or rule of law, or established jurisdiction, form or course of pleading, practice or procedure, or existing usage, custom, privilege, restriction, exemption, office or appointment, notwithstanding that the same respectively may have been in any manner affirmed, or recognised or derived by, in or from any enactment hereby amended or repealed.

(2) The amendment or repeal by this Act of any enactment shall not revive or restore any jurisdiction, office, custom, liability, right, title, privilege, restriction, exemption, usage, practice, procedure or other matter or thing not now existing or in force.

**SCHEDULE**

(*See* section 2)

| **Sr, No.** | **Year** | **No.** | **Short title** | **Amendments** |
|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) |
| 1 | 1968 | Guj. 10 | The Gujarat Medical Council Act, 1967. | (A) In section 16, in sub-section (3), after the first proviso, the following proviso shall be added, namely: -<br>"Provided also that name of medical practitioner registered in any other State shall be entered in the register of medical practitioners without any additional prior approval or payment of any fees, on production of self-declaration to that effect.". |
| 2 | 2013 | Guj. 11 | The Gujarat Fire Prevention and Life Safety measures Act, 2013. | (A) In section 2, in sub-section (1),-<br>(i) in clause (k), the words "or the National Building Code of India," shall be deleted;<br>(ii) clause (t) shall be deleted.<br>(B) In section 18, in sub-section (1), the words "or the National Building Code of India" shall be deleted. |
| 3 | 2013 | Guj. 16 | The Gujarat (Right of Citizen to Public Services) Act, 2013. | (A) In section 8, for sub-section (2), the following sub-section shall be substituted, namely:-<br>"(2) The Grievance Redressal Officer shall ensure that the complainant is informed in writing either through electronic means, or text message or any other means of communication, the manner in which the grievance is redressed.".<br>(B) In section 10, for sub-section (2), the following sub-section shall be substituted, namely:-<br>"(2)(a) When the Grievance Redressal Officer does not give decision within the prescribed time frame, complaint filed by a person shall get auto-escalated as an appeal to the Designated |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | Authority;<br><br>(b) Any person aggrieved by the decision of the concerned Grievance Redressal Officer may, within thirty days from the receipt of such decision, prefer an appeal to the Designated Authority:<br><br>Provided that the Designated Authority may admit the appeal filed after the expiry of thirty days if it is satisfied that the complainant was prevented by sufficient cause from filing the appeal in time.”.<br><br>(C) In section 11, for sub-section (1), the following sub-section shall be substituted, namely: -<br><br>“(1)(a) When the Designated Authority does not give decision within the prescribed time frame, the complaint filed by a person shall get auto- escalated as an appeal to the State Appellate Authority;<br><br>(b) Any person aggrieved by the decision of the Designated Authority may within thirty days from the receipt of such decision, prefer an appeal to the State Appellate Authority:<br><br>Provided that the State Appellate Authority may admit the appeal after the expiry of thirty days if it is satisfied that the complainant was prevented by sufficient cause from filing the appeal in time.”. |
| 4 | 2019 | Guj. 4 | The Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019. | (A) In section 6, for sub-sections (1) and (2), the following sub-sections shall be respectively substituted, namely: -<br><br>“(1) Within a period of sixty days from the date of commencement of the Ease of Doing Business Act, 2026 (Guj. …….of 2026) or the date on which any shop or establishment commences its business, whichever |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | is later, the employer of every shop and establishment shall submit an application for registration in such form and in such manner together with such fees and accompanied by such self-declaration and self-certified documents as may be prescribed:<br><br>Provided that nothing contained hereinabove shall apply to the shops and establishments already having valid registration under the Gujarat Shops and Establishments Act, 1948 (Bom. LXXIX of 1948) until the expiry of their registration.<br><br>(2) On receipt of the application along with the documents and the fees, the shop or establishment shall be registered in the register of establishments in such manner as may be prescribed and a registration certificate shall be issued in a prescribed form to the employer within the prescribed time limit. The registration certificate shall be produced whenever it is demanded by the Inspector.".<br><br>(B) For section 9, the following section shall be substituted, namely:-<br><br>**Notice of change in particulars.**<br><br>"**9.** It shall be the duty of every employer to inform in such form and in such manner as may be prescribed, any change in any of the particulars specified in the application submitted under section 6 within such period, after the change has taken place, as may be prescribed. On receiving such notice and the prescribed fees along with the self-declaration of the applicant and self-certified documents as may be prescribed, the |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | change in the register of establishments shall be made in accordance with such notice and a fresh registration certificate shall be issued.”.<br><br>(C) In section 28, in the proviso, the words “by the Inspector” shall be deleted.<br><br>(D) In section 35, for sub-section (1), the following sub-section shall be substituted, namely:-<br><br>“(1) Any shop or establishment may remain open 24 hours on any day of the week:<br><br>Provided that, the worker shall be allowed to work in accordance with the provisions of sections 12, 14, 16 and 18 of this Act.”. |
| 5 | 2019 | Guj. 26 | The Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Act, 2019. | (A) In section 9, in sub-section (2), after clause (h), the following clauses shall be added, namely: -<br><br>“(i) the Gujarat Co-operative Societies Act, 1961 (Guj. X of 1962);<br><br>(j) the Gujarat Electricity Duty Act, 1958 (Bom. XL of 1958);<br><br>(k) the Gujarat Industrial Development Act, 1962 (Guj. XXIII of 1962);<br><br>(l) the Gujarat Irrigation and Drainage Act, 2013 (Guj. 6 of 2013);<br><br>(m) the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019 (Guj. 4 of 2019);<br><br>(n) the Gujarat Special Investment Region Act, 2009 (Guj. 2 of 2009);<br><br>(o) the Gujarat State Tax on Professions, Trades, Callings and Employments Act, 1976 (President’s Act No. 11 of 1976).”. |

## STATEMENT OF OBJECTS AND REASONS

The regulatory environment plays a crucial role in facilitating economic activity, encouraging investment and ensuring efficient delivery of public services. With changing economic conditions, technological advancements and evolving business requirements, it is necessary to periodically review and modernise the existing regulatory framework. Excessive or outdated compliances, procedural requirements and regulatory processes may create avoidable burdens for citizens and businesses. There is, therefore, a need to simplify and rationalise the existing regulatory framework and introduce measures that promote transparency, efficiency, predictability and ease of compliance, thereby strengthening the overall environment for Ease of Doing Business and Ease of Living in the State.

Since 2020, more than 2,900 compliance requirements across 20+ State Departments have been rationalised, simplified or reduced, and Gujarat secured 4th place in the "Best Performing State" category under Compliance Reduction and Deregulation Phase-I, 2025. Under Phase-II, the Government of India has identified 28 Priority Areas, including 23 Priority Areas and 5 Optional Priority Areas, requiring further regulatory reforms, some of which necessitate amendments to various State Acts.

In view of the above, certain provisions of the Gujarat Medical Council Act, 1967, the Gujarat Fire Prevention and Life Safety Measures Act, 2013, the Gujarat (Right of Citizens to Public Services) Act, 2013, the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019 and the Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Act, 2019 are sought to be amended for giving effect to the reforms identified under Compliance Reduction and Deregulation Phase-II.

Since the subject matter of proposed amendments in all the aforesaid Acts falls within the purview of the Ease of Doing Business to facilitate timely implementation of these reforms and avoid multiple amendment Bills for individual Acts, it is considered expedient to consolidate the requisite

amendments into a single comprehensive legislation, namely, the Gujarat Ease of Doing Business Bill, 2026. The proposed legislation aims to simplify and streamline the regulatory framework by reducing unnecessary compliances and promoting transparent, predictable and efficient governance. It seeks to reduce the burden on citizens and businesses.

This Bill seeks to amend the said Acts to achieve the aforesaid objects.

**DR. JAYRAMBHAI GAMIT,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves delegation of legislative powers in the following respects, namely:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 2.-*** (i) Sub-section (1) of section 6 of the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019 proposed to be substituted by Para (A) of entry at Sr. No. 4 of the Schedule mentioned under this clause empowers the State Government to prescribe by rules, the form and the manner in which the employer of every shop and establishment shall submit an application for registration within a period of sixty days from the date of commencement of the Ease of Doing Business Act, 2026 or the date on which any shop or establishment commences its business, whichever is later; it also empowers the State Government to prescribe by rules, the fees to be paid and the self-declaration and the self-certified copies to be accompanied with the application;

(ii) Sub-section (2) of section 6 of the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019 proposed

to be substituted by Para (A) of entry at Sr. No. 4 of the Schedule mentioned under this clause empowers the State Government to prescribe by rules, the manner in which the shop or establishment shall be registered in the register of establishments; it also empowers the State Government to prescribe by rules, the form in which and the time limit within which a registration certificate shall be issued.

(iii) Section 9 of the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019 proposed to be substituted by Para (B) of entry at Sr. No. 4 of the Schedule mentioned under this clause empowers the State Government to prescribe by rules, the form and the manner in which and the period within which any change in any of the particulars specified in the application submitted under section 6 shall be informed by the employer; it also empowers the State Government to prescribe by rules, the fees to be paid and the self-declaration and the self-certified copies to be accompanied with the application for change in the register of establishments.

The delegation of legislative powers as aforesaid is necessary and is of a normal character.

Dated the 3rd September, 2026. **DR. JAYRAMBHAI GAMIT.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT MEDICAL COUNCIL ACT, 1967.**

**(Guj. 10 of 1968)**

**Preparation of register.**

**16.** (1) and (2) XXX XXX XXX

(3) Any person who possesses any of the qualifications specified in the Schedule to this Act or in the First, Second or Third Schedule to the Indian Medical Council Act, 1956, shall, subject to any conditions laid down by or under the Indian Medical Council Act, 1956, at any time on an application made in the prescribed form to the Registrar and on payment of the prescribed fee and on presentation of his degree, diploma, licence or certificate, be entitled to have his name entered in the register:

**CII of 1956.**

Provided that the name of an applicant who is unable to present his degree, diploma, licence or certificate may be entered in the register, if he satisfies the President that he holds such degree, diploma, licence or certificate but cannot for sufficient cause present the same with his application.

(4) to (7) XXX XXX XXX

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT FIRE PREVENTION AND LIFE SAFETY MEASURES ACT, 2013.**

**(Guj. 11 of 2013)**

**Definitions.**

**2.** (1) In this Act, unless the context otherwise requires,-

(a) to (j) XXX XXX XXX

(k) "fire prevention and life safety measures" means such measures as are necessary in accordance with the GDCR or as required by or under the provisions of any law or the National Building Code of India, for the time being in force, with regard to fire prevention, life safety and fire protection for

containment, control and extinguishing of fire and for ensuring the safety of life and property in case of fire;

| | | | |
|---|---|---|---|
| (l) to (s) | XXX | XXX | XXX |

(t) "National Building Code of India" means the book or books containing Fire Prevention and Life Safety Measures to be implemented in the buildings, places, premises, workshops, warehouses and industries, published from time to time by the Bureau of Indian Standards;

| | | | |
|---|---|---|---|
| (u) to (zc) | XXX | XXX | XXX |
| (2) | XXX | XXX | XXX |

**Requirement for fire prevention and life safety measures.**

**18.** (1) Without prejudice to the provisions of any other law or the rules, GDCR or building bye-laws made thereunder or the National Building Code of India, relating to fire prevention and life safety measures as in operation in the State for the time being in force, housing society or the owner or where the owner is not traceable, the occupier, who are either individually or jointly responsible, of a building as classified by regulations or part thereof, shall provide fire prevention and life safety measures therein:

Provided that the owner or the occupier, as the case may be, shall,-

(i) provide minimum firefighting and life safety installations as provided in the regulations;

(ii) maintain the fire prevention and life safety measures in operational condition at all times, in the manner and specifications specified in regulations.

| | | | |
|---|---|---|---|
| (2) | XXX | XXX | XXX |

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT (RIGHT OF CITIZENS TO PUBLIC SERVICES) ACT, 2013.**

**(Guj. 16 of 2013)**

**Action to be taken by Grievance Redressal Officer.**

**8.** (1) XXX XXX XXX

(2) The Grievance Redressal Officer shall ensure that the complainant is informed in writing the manner in which the grievance is redressed.

**Appeal.**

**10.** (1) XXX XXX XXX

(2) Any person aggrieved by a decision of the concerned Grievance Redressal Officer or who has not been informed in writing the manner in which his grievance has been redressed in respect of a complaint filed by him, may, within thirty days from the expiry of such period or from the receipt of such decision, prefer an appeal to the Designated Authority:

Provided that the Designated Authority may admit the appeal after the expiry of thirty days if it is satisfied that the complainant was prevented by sufficient cause from filing the appeal in time.

(3) to (8) XXX XXX XXX

**Appeal to State Appellate Authority.**

**11.** (1) Any person who does not receive a decision within the prescribed time frame or is aggrieved by a decision of the Designated Authority may, within thirty days from the expiry of such period or from the receipt of such a decision, prefer an appeal to the State Appellate Authority:

Provided that the Authority may admit the appeal after the expiry of thirty days if it is satisfied that the complainant was prevented by sufficient cause from filing the appeal in time.

(2) XXX XXX XXX

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT SHOPS AND ESTABLISHMENTS (REGULATION OF EMPLOYMENT AND CONDITIONS OF SERVICE) ACT, 2019.

**(Guj. 4 of 2019)**

**Registration of shops or establishments.**

**6.** (1) Within a period of sixty days from the date of commencement of this Act or the date on which any shop or establishment commences its business, the employer of every shop and establishment shall submit an application in a prescribed form for registration to the concerned Inspector, together with such fees and such self-declaration and self-certified documents as may be prescribed:

Provided that, nothing contained hereinabove shall apply to the shops and establishments already having valid registration under the Gujarat Shops and Establishments Act, 1948 until the expiry of their registration.

**Bom. LXXIX of 1948.**

(2) On receipt of the application along with the documents and the fees, the Inspector shall, register the shop or establishment in the register of establishments in such manner as may be prescribed and shall issue, in a prescribed form, a registration certificate to the employer within the prescribed time limit. The registration certificate shall be produced whenever it is demanded by the Inspector.

(3) XXX XXX XXX

**Notice of change in particulars.**

**9.** It shall be the duty of every employer to inform to the Inspector, in the prescribed form, any change in any of the particulars contained in the application submitted under section 6 within such period, after the change has taken place, as the State Government may prescribe. The Inspector shall, on receiving such notice and the prescribed fees along with the self-declaration of the applicant and self-certified documents as may be prescribed, make the change in the register of establishments in accordance with such notice and shall issue a fresh registration certificate.

**Penalty for non-registration of shop or establishment.**

**28.** Whoever, found running any establishment without registration in contravention of the provisions of section 6 or rules made thereunder, shall be punishable with penalty of ten thousand rupees which shall include registration fees:

Provided that, on recovery of penalty along with registration fees, the establishment shall be deemed to be registered and the registration certificate shall be issued by the Inspector.

**Opening and closing hours.**

**35.** (1) Notwithstanding anything contained in this Act, any shop or establishment if situated,-

(a) (i) in Municipal Corporation Area, or

(ii) on National Highway, or

(iii) on Railway Platform, or

(iv) at State Roadways bus station premises, or

(v) in Hospital premises, or

(vi)on petrol pumps,

may remain open 24 hours on any day of the week:

Provided that, the worker shall be allowed to work in accordance with the provisions of sections 12,14,16 and 18 of this Act;

(b) in Municipality area or on State Highway may be opened except from 2.00 A.M to 6.00 A.M.:

Provided that, the worker shall be allowed to work in accordance with the provisions of sections 12, 14, 16 and 18 of this Act;

(c) in the areas other than the areas mentioned in clauses (a) and (b) above in district or on minor road may be opened except from 11.00 P. M. to 6.00 A.M.:

Provided that, the worker shall be allowed to work in accordance with the provisions of sections 12, 14, 16 and 18 of this Act;

(2) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 27 OF 2026.**

***A B I L L***

*further to amend certain enactments to enhance trust-based governance for ease of living and doing business.*

**[ DR. JAYRAMBHAI GAMIT,**

**MINISTER OF STATE FOR INDUSTRIES ]**

**(As published in the Gujarat Government Gazette of 3rd September, 2026)**

**Chetan Pandya,**
Secretary,
Gujarat Legislative Assembly.
----------

Government Central Press, Gandhinagar.

**<u>GUJARAT BILL NO. 27 OF 2026.</u>**

# GUJARAT EASE OF DOING BUSINESS BILL, 2026.

## *A BILL*

*further to amend certain enactments to enhance trust-based governance for ease of living and doing business.*

**<u>સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૭.</u>**

## ગુજરાત ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ વિધેયક, ૨૦૨૬.

ઇઝ ઓફ લિવિંગ એન્ડ ડુઇંગ બિઝનેસ (જીવન જીવવાની અને વેપાર-ધંધા કરવાની સરળતા) માટે વિશ્વાસ આધારિત શાસન વધુ સુદૃઢ કરવા માટે અમુક અધિનિયમનોમાં સુધારા કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**૨.** અનુસૂચિની કોલમ (૪)માં જણાવેલા અધિનિયમનો, આથી, તેની કોલમ (૫)માં જણાવેલા પ્રમાણમાં અને તેવી રીતે સુધારવામાં આવે છે. **અમુક અધિનિયમનો-નો સુધારો.**

**3.** (૧) આ અધિનિયમથી સુધારેલા અથવા રદ કરેલા કોઇપણ અધિનિયમનથી,- અપવાદ.

(ક) જે અધિનિયમનમાં સુધારેલો અથવા રદ કરેલો અધિનિયમન લાગુ કરવામાં આવ્યો હોય, તેનો સમાવેશ કરવામાં આવ્યો હોય અથવા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેવા બીજા કોઈપણ અધિનિયમનને; અથવા

(ખ) અગાઉ કરેલા અથવા થયેલા કોઈ કાર્યની માન્યતા, અમાન્યતા, અસર અથવા તેના પરિણામોને અથવા તેના સંબંધમાં અગાઉ સંપાદિત, વ્હેંરેલ અથવા સ્વીકારેલ, કોઈ હક, માલિકીહક, દાયિત્વ અથવા જવાબદારીને અથવા કોઈ ઉપાય અથવા કાર્યવાહીને અથવા કોઈ દેવા (ઋણ), દંડ (પેનલ્ટી), દાયિત્વ, જવાબદારી, દાવા અથવા માંગની અથવા તેમાંથી મેળવેલ કોઇ રાહત (દાદ) અથવા મુક્તિને અથવા અગાઉ મંજૂર કરેલ કોઇ ક્ષતિપૂર્તિને અથવા ભૂતકાળના કોઇ કાર્ય અથવા કૃત્યની સાબિતીને; અથવા

(ગ) કાયદાના કોઈપણ સિદ્ધાંત અથવા નિયમને અથવા સ્થાપિત હકૂમતને, પ્લીડિંગ, પ્રેક્ટિસ અથવા કાર્યરીતિના સ્વરૂપ અથવા ક્રમને અથવા વિદ્યમાન રિવાજ, પ્રથા, વિશેષાધિકાર, નિયંત્રણ, મુક્તિ, હોદ્દા અથવા નિમણૂકને, અનુક્રમે, આથી, સુધારેલા અથવા રદ કરાયેલા કોઈપણ અધિનિયમનથી, તે (અધિનિયમન)માં અથવા તેમાંથી કોઈપણ રીતે બહાલી અથવા માન્યતા આપવામાં આવી હોય અથવા તે મેળવેલા હોય તેમ છતાં, તેને,

-અસર થશે નહિ.

(૨) આ અધિનિયમથી સુધારેલા અથવા રદ કરેલા કોઇપણ અધિનિયમનથી, હાલમાં વિદ્યમાન ન હોય અથવા અમલમાં ન હોય તેવા કોઈ પણ હકૂમત, હોદ્દો, રિવાજ, જવાબદારી, હક, માલિકીહક, વિશેષાધિકાર, નિયંત્રણ, મુક્તિ, પ્રથા, પ્રેક્ટિસ, કાર્યરીતિ અથવા અન્ય બાબત અથવા કાર્યને, પુનઃઅમલી અથવા પુનઃસ્થાપિત કરવામાં આવશે નહિ.

## અનુસૂચિ

(જુઓ કલમ ૨)

| અનુ-ક્રમાંક | વર્ષ | ક્રમાંક | ટૂંકી સંજ્ઞા | સુધારા |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૧૯૬૮ | ગુજરાતનો ૧૦મો | ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭. | (ક) કલમ ૧૬માં, પેટા-કલમ (૩)માં, પ્રથમ પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-<br>"વધુમાં, બીજા કોઇપણ રાજ્યમાં રજિસ્ટર થયેલા વૈધકીય વ્યવસાયી (મેડિકલ પ્રેક્ટિશનર)નું નામ, વધારાની પૂર્વ-મંજૂરી વગર અથવા કોઇ ફીની ચુકવણી કર્યા વગર, તે મતલબનો સ્વ-એકરાર રજૂ કર્યેથી, રજિસ્ટરમાં દાખલ કરી શકાશે.". |
| ૨ | ૨૦૧૩ | ગુજરાતનો ૧૧મો | ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩. | (ક) કલમ ૨-માં, પેટા-કલમ (૧)માં,-<br>(૧) ખંડ (ડ)માં, "અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય ઇમારત અધિનિયમની જોગવાઇઓથી" એ શબ્દો ને બદલે, "અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓથી" એ શબ્દો મૂકવા;<br>(૨) ખંડ (બ) કમી કરવો.<br><br>(ખ) કલમ ૧૮માં, પેટા-કલમ (૧)માં, "અથવા તે હેઠળ કરેલાં બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય" એ શબ્દોને બદલે, "અથવા તે હેઠળ કરેલાં બાંધકામને લગતા પેટા-કાયદાની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય" એ શબ્દો મૂકવા. |
| 3 | ૨૦૧૩ | ગુજરાતનો ૧૬મો | ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, | (ક) કલમ ૮માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-<br>"(૨) ફરિયાદ-નિવારણ અધિકારીએ એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે જે રીતે ફરિયાદનું નિવારણ કરવામાં આવ્યું હોય તે રીત અંગે |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૨૦૧૩. | ફરિયાદીને ઇલેક્ટ્રોનિક માધ્યમથી અથવા ટેક્સ્ટ મેસેજ મારફત અથવા સંદેશાવ્યવહારના અન્ય કોઇપણ માધ્યમથી લેખિતમાં જાણ કરવામાં આવી છે.".<br><br>(ખ) કલમ ૧૦માં, પેટા-કલમ (૨)ને બદલે નીચેની પેટા-કલમ મૂકવી:-<br>"(૨) (ક) ફરિયાદ નિવારણ અધિકારી, ઠરાવેલી સમયમર્યાદાની અંદર કોઇ નિર્ણય ન આપે, ત્યારે કોઇ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ, આપમેળે અપીલ તરીકે મુકરર સત્તાધિકારીને રજૂ થયેલી ગણાશે;<br><br>(ખ) સંબંધિત ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, એવા નિર્ણયની જાણ થયાના ત્રીસ દિવસની અંદર, મુકરર સત્તાધિકારીને અપીલ કરી શકશે:<br>પરંતુ મુકરર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસ પૂરા થયા પછી દાખલ કરવામાં આવેલી અપીલ સ્વીકારી શકશે.".<br><br>(ગ) કલમ ૧૧માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-<br>"(૧) (ક) મુકરર સત્તાધિકારી, ઠરાવેલી સમયમર્યાદાની અંદર કોઇ નિર્ણય ન આપે, ત્યારે કોઇ વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ, આપમેળે અપીલ તરીકે રાજ્ય અપીલ સત્તામંડળને રજૂ થયેલી ગણાશે;<br><br>(ખ) મુકરર સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ, એવા નિર્ણયની જાણ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | થયાના ત્રીસ દિવસની અંદર, રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ કરી શકશે:<br><br>પરંતુ રાજ્ય અપીલ સત્તામંડળને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસ પૂરા થયા પછી પણ અપીલ સ્વીકારી શકશે.”. |
| ૪ | ૨૦૧૯ | ગુજરાતનો ૪થો. | ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯. | (ક) કલમ ૬માં, પેટા-કલમો (૧) અને (૨)ને બદલે, અનુક્રમે નીચેની પેટા-કલમો મૂકવી:-<br>“(૧) ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અધિનિયમ, ૨૦૨૬ (સન ૨૦૨૬ના ગુજરાતના ..........)ના આરંભની તારીખ અથવા કોઇ દુકાન અથવા સંસ્થા તેના કામકાજ (વેપાર-ધંધા)નો આરંભ કરે તે તારીખ, એ બન્નેમાંથી જે મોડું હોય તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, દરેક દુકાન અને સંસ્થાના માલિકે, ઠરાવવામાં આવે તેટલી ફી સાથે અને તેવો સ્વ-એકરાર તથા સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જોડીને, તેવા નમૂનામાં અને તેવી રીતે રજિસ્ટ્રેશન માટે અરજી રજૂ કરવી જોઇશે:<br><br>પરંતુ અહીં ઉપર જણાવેલી કોઇપણ બાબત, ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઇના ૭૯મા) હેઠળ અગાઉથી માન્ય રજિસ્ટ્રેશન ધરાવતી દુકાન અને સંસ્થાને, તેના રજિસ્ટ્રેશનની મુદત પૂરી થાય નહિ ત્યાં સુધી લાગુ પડશે નહિ.<br><br>(૨) દસ્તાવેજો અને ફી સાથેની અરજી મળ્યેથી, ઠરાવવામાં આવે તેવી રીતે, સંસ્થાઓના રજિસ્ટરમાં, દુકાન અથવા સંસ્થાની નોંધ કરવી જોઇશે અને ઠરાવેલા નમૂનામાં, ઠરાવેલી સમયમર્યાદાની અંદર, માલિકને રજિસ્ટ્રેશન |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે. ઇન્સ્પેક્ટર દ્વારા માંગવામાં આવે, ત્યારે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.".<br><br>(ખ) કલમ ૯ ને બદલે, નીચેની કલમ મૂકવી:-<br><br>**વિગતોમાંના ફેરફારની નોટિસ.** "**૯.** કલમ ૬ હેઠળ રજૂ કરેલી અરજીમાં નિર્દિષ્ટ કરેલી વિગતો પૈકીની કોઇપણ વિગતમાં થયેલા કોઇ ફેરફારની, તેવો ફેરફાર થયા પછી, ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે તેની જાણ કરવાની દરેક માલિકની ફરજ રહેશે. આવી નોટિસ અને અરજદારના સ્વ-એકરાર સાથે ઠરાવેલી ફી તથા ઠરાવવામાં આવે તેવા સ્વ-પ્રમાણિત દતાવેજો મળ્યેથી, તેવી નોટિસ અનુસાર સંસ્થાઓના રજિસ્ટરમાં ફેરફાર કરવો જોઇશે અને નવું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે.".<br><br>(ગ) કલમ ૨૮-માં, પરંતુકમાં, "ઇન્સ્પેક્ટર દ્વારા" એ શબ્દો કમી કરવા.<br><br>(ઘ) કલમ ૩૫-માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-<br>"(૧) કોઇ દુકાન અથવા સંસ્થા અઠવાડિયાના કોઇપણ દિવસે ૨૪ (ચોવીસ) કલાક ખુલ્લી રાખી શકાશે:<br>પરંતુ કામદારને, આ અધિનિયમની કલમો ૧૨, ૧૪, ૧૬ અને ૧૮ની જોગવાઇઓ અનુસાર કામ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | કરવાની પરવાનગી આપવી જોઇશે.". |
| ૫ | ૨૦૧૯ | ગુજરાતનો ૨૬મો | ગુજરાત સૂક્ષ્મ (MICRO), લઘુ તથા મધ્યમ ઉદ્યોગ સાહસો (સ્થાપના અને કામગીરી સરળ બનાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૯. | (ક) કલમ ૯માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ઝ) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-<br><br>"(ટ) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦મો);<br><br>(ઠ) ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નો મુંબઇનો ૪૦મો);<br><br>(ડ) ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨-નો ગુજરાતનો ૨૩મો);<br><br>(ઢ) ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ગુજરાતનો ૬ઠ્ઠો);<br><br>(ત) ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯નો ગુજરાતનો ૪થો);<br><br>(થ) ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૨-જો);<br><br>(દ) ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૧૧).". |

## ઉદ્દેશો અને કારણો

નિયમનકારી વાતાવરણ, આર્થિક પ્રવૃતિઓને સરળ બનાવવા, રોકાણને પ્રોત્સાહન આપવા અને જાહેર સેવાઓના કાર્યક્ષમ વિતરણને સુનિશ્ચિત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. આર્થિક પરિસ્થિતિઓ, ટેકનિકલ પ્રગતિ અને સતત વિકાસ પામતા વ્યવસાયની જરૂરિયાતના બદલાવ સાથે, વિદ્યમાન નિયમનકારી માળખામાં  સમયાંતરે સમીક્ષા અને આધુનિકીકરણ કરવું જરૂરી છે. વધુ પડતા અથવા જૂના (કાયદાઓ)નું અનુપાલન, કાર્યરીતિવિષયક જરૂરીયાતો અને નિયમનકારી પ્રક્રિયાઓ, નાગરીકો અને વ્યવસાય માટે ટાળી શકાય તેવા બોજાનું સર્જન કરી શકે છે. તેથી, વિદ્યમાન નિયમનકારી માળખાને સરળ અને તર્ક-સંગત બનાવવાની અને પારદર્શિતા, કાર્યક્ષમતા, અનુમાન અને અનુપાલનની સરળતાને પ્રોત્સાહન આપે તેવા પગલાઓની શરૂઆત કરવાની જરૂર છે. જેનાથી, રાજ્યમાં વેપાર-ધંધા કરવામાં સરળતા અને જીવન જીવવામાં સરળતા માટે વાતાવરણને એકંદરે સશક્ત કરી શકાય.

સન ૨૦૨૦થી, ૨૦ થી વધુ રાજ્યના વિભાગોમાં, ૨૯૦૦થી વધુ અનુપાલનની જરૂરીયાતોને તર્ક-સંગત બનાવવામાં, સરળ બનાવવામાં અથવા ઘટાડવામાં આવી છે. તથા ગુજરાત-એ, અનુપાલનની જરૂરિયાતનો ઘટાડો અને વિનિયમન મુક્તિ તબક્કો-૧, ૨૦૨૫ હેઠળ “સર્વશ્રેષ્ઠ કામગીરી કરનાર રાજય”માં ૪થો ક્રમાંક મેળવ્યો અને તબક્કા ૨ હેઠળ, ભારત સરકારે, વધુ નિયમનકારી સુધારાઓની જરૂર હોય તેવા ૨૩ અગ્રતાપ્રાપ્ત વિસ્તારો અને ૫ વૈકલ્પિક અગ્રતાપ્રાપ્ત વિસ્તારો સહિત, ૨૮ અગ્રતાપ્રાપ્ત વિસ્તારો નિર્ધારિત કરેલ છે, જેમાંથી કેટલાક વિસ્તારોના સંબંધમાં વિવિધ રાજ્ય અધિનિયમોમાં સુધારા કરવાની જરૂર જણાઇ છે.

ઉપર્યુક્ત બાબતને લક્ષમાં લઇને, અનુપાલનની જરૂરિયાતનો ઘટાડો અને વિનિયમન મુક્તિ તબક્કા – ૨- હેઠળ દર્શાવેલા સુધારાઓને અમલમાં મૂકવા માટે, ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭,  ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯, ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૯-ની કેટલીક જોગવાઇઓ સુધારવી જરૂરી જણાઇ છે.

ઉપર્યુક્ત તમામ કાયદાઓમાં સૂચિત સુધારાનો વિષય આ સુધારાઓના સમયસર અમલીકરણને સરળ બનાવવા અને અલગ-અલગ કાયદાઓ માટે બહુવિધ સુધારા વિધેયકોને

ટાળવા માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (વેપાર-ધંધા કરવાની સરળતા)ના કાર્યક્ષેત્રમાં આવે છે, તેથી જરૂરી સુધારાઓને એક જ વ્યાપક કાયદા ગુજરાત ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ વિધેયક, ૨૦૨૬માં એકીકૃત કરવાનું ઇષ્ટ જણાયું છે. તેનાથી નાગરિકો અને વ્યવસાય પરનો બોજ ઘટાડવા ધાર્યું છે. સૂચિત કાયદાનો હેતુ બિનજરૂરી અનુપાલન ઘટાડી પારદર્શક, અનુમાનિત અને કાર્યક્ષમ શાસનને પ્રોત્સાહન આપીને નિયમનકારી માળખાને સરળ અને સુવ્યવસ્થિત કરવાનો છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમો સુધારવા ધાર્યું છે.

**ડૉ. જયરામભાઇ ગામીત,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેના બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

***કલમ ૧.-*** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

***કલમ ૨.*** – (૧) આ કલમ હેઠળ જણાવેલી અનુસૂચિના અનુક્રમાંક ૪ પરની નોંધના પરિચ્છેદ (ક)થી બદલવા ધારેલી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૬ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અધિનિયમ, ૨૦૨૬-ના આરંભની તારીખથી અથવા કોઇ દુકાન અથવા સંસ્થા તેના કામકાજ (વેપાર-ધંધા)નો આરંભ કરે તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, એ બન્નેમાંથી જે મોડું હોય તે તારીખ સુધીમાં, દરેક દુકાન અને સંસ્થાના માલિકે રજિસ્ટ્રેશન માટે રજૂ કરવાના થતા નમૂના અને રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; તેનાથી, રાજ્ય સરકારને ચૂકવવાની થતી ફી અને અરજી સાથે રજૂ કરવાના થતાં સ્વ-એકરાર અને સ્વ-પ્રમાણિત નકલો પણ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમ હેઠળ જણાવેલી અનુસૂચિની અનુક્રમાંક ૪ પરની નોંધના પરિચ્છેદ (ક)થી બદલવા ધારેલી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૬ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જે રીતે સંસ્થાઓના રજિસ્ટરમાં દુકાન અથવા સંસ્થાની નોંધ કરવી જોઈશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; તેનાથી, રાજ્ય સરકારને, જે નમૂનામાં અને જેટલી સમયમર્યાદાની અંદર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે, તે નમૂનો અને સમયમર્યાદા પણ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમ હેઠળ જણાવેલી અનુસૂચિની અનુક્રમાંક ૪ પરની નોંધના પરિચ્છેદ (ખ)થી બદલવા ધારેલી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૯થી, રાજ્ય સરકારને, જેની માલિકે જાણ કરવી જોઈશે તેવી કલમ ૬ હેઠળ રજૂ કરેલી અરજીમાંની નિર્દિષ્ટ વિગતો પૈકીની કોઈપણ વિગતમાં થયેલા કોઈ ફેરફારની જાણ, જે નમૂનામાં અને જે રીતે અને જેટલી સમયમર્યાદાની અંદર કરવી જોઈશે તે નમૂનો, તે રીત અને તે સમયમર્યાદા, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે; તેનાથી, રાજ્ય સરકારને, સંસ્થાઓના રજિસ્ટરમાં ફેરફાર કરવા માટેની અરજી સાથે ચૂકવવાની થતી ફી અને સ્વ-એકરાર અને સ્વ-પ્રમાણિત નકલો પણ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૬. **ડૉ. જયરામભાઇ ગામીત.**

## પુરવણી

## ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭
## (સન ૧૯૬૮ના ગુજરાતના ૧૦મા)માંથી ઉતારા.

---

**૧૬.** (૧) અને (૨) XXX XXX XXX — રજિસ્ટર તૈયાર કરવા બાબત.

(૩) આ અધિનિયમની અનુસૂચિમાં અથવા ભારતના મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી, બીજી અથવા ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી લાયકાત ધરાવતી કોઇપણ વ્યક્તિ, ભારતના મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ મુજબ અથવા તે રૂએ ઠરાવેલી કોઇપણ શરતોને અધીન રહીને, કોઇપણ સમયે, ઠરાવેલા નમૂનામાં રજિસ્ટ્રારને અરજી કર્યેથી અને ઠરાવેલી ફી ભર્યેથી અને તેની પદવી, ડિપ્લોમાં, લાઇસન્સ અથવા પ્રમાણપત્ર રજૂ કર્યેથી, રજિસ્ટરમાં પોતાનું નામ દાખલ કરાવવા હકદાર થશે : (સન ૧૯૫૬નો ૧૦૨-મો.)

પરંતુ પોતાની પદવી, ડિપ્લોમાં, લાઇસન્સ અથવા પ્રમાણપત્ર રજૂ કરી શક્યો ન હોય તેવો અરજદાર, પોતે એવી પદવી, ડિપ્લોમાં, લાઇસન્સ અથવા પ્રમાણપત્ર ધરાવતો હોવા છતાં પોતાની અરજી સાથે પૂરતાં કારણને લીધે તેના પદવી, ડિપ્લોમાં, લાઇસન્સ અથવા પ્રમાણપત્ર રજૂ કરી શક્યો નથી, એવી પ્રમુખને ખાતરી આપે, તો તેનું નામ રજિસ્ટરમાં દાખલ કરી શકાશે.

(૪) થી (૭) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩
## (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)માંથી ઉતારા.

---

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,- — વ્યાખ્યા.

(ક) થી (ઠ) XXX XXX XXX

(ડ) “અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય (પગલાં)” એટલે આગ લાગવાના કિસ્સામાં, અગ્નિનિવારણ, જીવન સુરક્ષા અને આગને કાબૂમાં રાખવા, આગ નિયંત્રણ અને આગ

હોલવવાના સંબંધમાં અને જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા માટે, જીડીસીઆર **(GDCR)** અનુસાર જરૂરી હોય તેવા અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય ઇમારત અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ ફરમાવવામાં આવ્યા હોય તેવા ઉપાય (પગલાં);

(ઢ) થી (ફ) XXX XXX XXX

(બ) "ભારતનો રાષ્ટ્રીય ઇમારત અધિનિયમ" એટલે ભારતીય ધોરણો (ઇન્ડિયન) સ્ટાન્ડર્ડ્સ)ના બ્યુરો દ્વારા વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવેલા ઇમારતો, સ્થળો, જગ્યાઓ, વર્કશોપ, વેરહાઉસ અને ઉદ્યોગોમાં અમલ મૂકવા જોઇએ તેવા અગ્નિનિવારણ અને જીવન સલામતી માટેનાં પગલાં જેમાં સમાવિષ્ટ કરવામાં આવેલા હોય તેવું પુસ્તક અથવા પુસ્તકો;

(ભ) થી (વગ) XXX XXX XXX

(૨) XXX XXX XXX

**અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને માટેની જરૂરિયાત.**

**૧૮.** (૧) તત્સમયે અમલમાં હોય તેવા રાજયમાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટેનાં પગલાંને લગતાં બીજા કોઇ કાયદા અથવા નિયમો, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો અથવા તે હેઠળ કરેલાં બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, આવાસન મંડળીએ અથવા માલિકે અથવા જયાં માલિક શોધી શકાય તેમ ન હોય ત્યાં મકાન વિનિયમોમાં વર્ગીકૃત કર્યા પ્રમાણેના, અથવા તેના કોઇપણ ભાગને લગતા વ્યકિતગતપણે અથવા સંયુકતપણે જવાબદાર હોય તેવા ભોગવટો કરનારે, તેમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને લગતી જોગવાઇ કરવી જોઇશે :

પરંતુ માલિકે અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારે,-

(૧) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ન્યૂનતમ અગ્નિશમન અને જીવન સુરક્ષા માટે સ્થાપન કરવામાં આવે તેવા ઉપકરણોની જોગવાઇ કરવી જોઇશે;

(૨) વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે અને તેમાં કરેલાં વિશિષ્ટ વિગત વર્ણનોને આધારે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને તમામ સમયે ચાલુ સ્થિતિમાં જાળવવાં જોઇશે.

(૨) **XXX XXX XXX**

# પુરવણી

## ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)માંથી ઉતારા.

---

**૮.** (૧) **XXX** **XXX** **XXX** **ફરિયાદ-નિવારણ અધિકારીએ લેવાનાં પગલાં બાબત.**

(૨) ફરિયાદ-નિવારણ અધિકારીએ તે બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે જે રીતે ફરિયાદનું નિવારણ કરવામાં આવ્યું હોય તે રીત અંગે ફરિયાદીને લેખિતમાં જાણ કરવામાં આવેલ છે.

**૧૦.** (૧) **XXX** **XXX** **XXX** **અપીલ.**

(૨) સંબંધિત ફરિયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યક્તિ અથવા તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના સંબંધમાં, જે રીતે તેની ફરિયાદનું નિવારણ કરવામાં આવેલ હોય તે રીત અંગે જેને લેખિતમાં જાણ કરવામાં ન આવી હોય તેવી કોઇ વ્યક્તિ, એવી મુદત પૂરી થયાના અથવા એવા નિર્ણય અંગે તેને જાણ થયાના ત્રીસ દિવસની અંદર, મુકરર સત્તાધિકારીને અપીલ કરી શકશે :

પરંતુ મુકરર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસની મુદત પૂરા થયા પછી પણ અપીલ સ્વીકારી શકશે.

(3) થી (૮) XXX XXX XXX

**૧૧.** (૧) ઠરાવેલી સમયમર્યાદાની અંદર નિર્ણય અંગેની જાણ ન થાય તેવી અથવા મુકરર સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલી હોય તેવી કોઇપણ વ્યક્તિ, આવી મુદત પૂરી થયાના અથવા આવા નિર્ણય અંગેની જાણ થયાના ત્રીસ દિવસની અંદર રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ કરી શકશે : **રાજ્ય અપીલ સત્તામંડળને અપીલ.**

પરંતુ સત્તામંડળને એવી ખાતરી થાય કે ફરિયાદી પૂરતા કારણસર સમયસર અપીલ દાખલ કરી શક્યો ન હતો, તો તે, ત્રીસ દિવસની મુદત પૂરા થયા પછી, પણ અપીલ સ્વીકારી શકશે.

(૨) XXX XXX XXX

## પુરવણી

## ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા)માંથી ઉતારા.

---

દુકાન અથવા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન.

**૬.** (૧) આ અધિનિયમના આરંભની તારીખથી અથવા કોઇ દુકાન અથવા સંસ્થા તેના કામકાજનો આરંભ કરે તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, દરેક દુકાન અને સંસ્થાના માલિકે, રજિસ્ટ્રેશન માટે ઠરાવેલા નમૂનામાં, ઠરાવવામાં આવે તેટલી ફી અને તેવા સ્વ-એકરાર તથા સ્વ-પ્રમાણિત દસ્તાવેજો સાથે, સંબંધિત ઇન્સ્પેક્ટરને રજિસ્ટ્રેશન માટે ઠરાવેલા નમૂનામાં અરજી રજૂ કરવી જોઇશે:

પરંતુ અહીં ઉપર જણાવેલી કોઇપણ બાબત, ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ અગાઉથી માન્ય રજિસ્ટ્રેશન ધરાવતી દુકાન અને સંસ્થાને, તેના રજિસ્ટ્રેશનની મુદત પૂરી થાય નહિ, ત્યાં સુધી લાગુ પડશે નહિ. સન ૧૯૪૮નો મુંબઈનો ૭૯મો.

(૨) દસ્તાવેજો અને ફી સાથેની અરજી મળ્યેથી, ઇન્સ્પેક્ટર-એ, ઠરાવવામાં આવે તેવી રીતે સંસ્થાના રજિસ્ટરમાં, દુકાન અથવા સંસ્થાની નોંધ કરવી જોઇશે અને ઠરાવેલા નમૂનામાં, ઠરાવેલી સમયમર્યાદાની અંદર, માલિકને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે. ઇન્સ્પેક્ટર દ્વારા મંગાવવામાં આવે, ત્યારે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.

(૩) XXX XXX XXX

વિગતોમાંના ફેરફારની નોટિસ.

**૯.** કલમ ૬ હેઠળ રજૂ કરેલી અરજીમાંની વિગતો પૈકીની કોઇપણ વિગતમાં થયેલા કોઇ ફેરફારની જાણ, તેવો ફેરફાર થાય તે પછી, રાજ્ય સરકાર ઠરાવે તેટલી મુદતની અંદર, ઠરાવેલા નમૂનામાં, ઇન્સ્પેક્ટરને કરવાની દરેક માલિકની ફરજ રહેશે. ઇન્સ્પેક્ટર-એ, આવી નોટિસ અને અરજદારના સ્વ-એકરાર સાથે ઠરાવેલી ફી તથા ઠરાવવામાં આવે તેવા સ્વ-પ્રમાણિત દસ્તાવેજો મળ્યેથી, તેવી નોટિસ અનુસાર સંસ્થાના રજિસ્ટરમાં ફેરફાર કરવો જોઇશે અને નવું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે.

દુકાન અથવા સંસ્થાઓની બિન-નોંધણી માટે શિક્ષા.

**૨૮.** જે કોઇ વ્યક્તિ, નોંધણી કરાવ્યા સિવાય કોઇ સંસ્થા ચલાવવામાં કલમ ૬ અથવા તે હેઠળ ઘડેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરે તેને, નોંધણી ફી સહિત દસ હજાર રૂપિયાનો દંડ થશે:

પરંતુ, નોંધણી ફી સાથે દંડની વસૂલાત થયેથી, સંસ્થા નોંધાયેલ હોવાનું ગણાશે અને ઇન્સ્પેકટર દ્વારા નોંધણીનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે.

**૩૫.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ દુકાન અથવા સંસ્થા,- **(દુકાન અથવા સંસ્થા) ખોલવાના અને બંધ કરવાના કલાકો.**

(ક) (૧) મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં, અથવા

(૨) રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર, અથવા

(૩) રેલવે પ્લેટફોર્મ પર, અથવા

(૪) રાજ્યના સડકમાર્ગો પરની બસ સ્ટેશનની જગ્યા ખાતે, અથવા

(૫) હોસ્પિટલની જગ્યામાં, અથવા

(૬) પેટ્રોલ પમ્પ પર,

-આવેલી હોય તો, અઠવાડિયાના કોઇપણ દિવસે ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે:

પરંતુ કામદારને, આ અધિનિયમની કલમો ૧૨, ૧૪, ૧૬ અને ૧૮-ની જોગવાઇઓ અનુસાર કામ કરવાની પરવાનગી આપવી જોઇશે.

(ખ) મ્યુનિસિપાલિટી (નગરપાલિકા) વિસ્તારમાં અથવા રાજ્ય ધોરીમાર્ગ પર (આવેલી કોઇ દુકાન અથવા સંસ્થા), રાત્રિના ૨:00 થી સવારના ૬:00 વાગ્યા સિવાય ખુલ્લી રાખી શકાશે. (સવારના ૬.00 વાગ્યાથી વહેલી ખોલવી જોઇશે નહિ અને રાત્રિના ૨.00 વાગ્યાથી મોડી બંધ કરવી જોઇશે નહિ.)

પરંતુ કામદારને, આ અધિનિયમની કલમો ૧૨, ૧૪, ૧૬ અને ૧૮-ની જોગવાઇઓ અનુસાર કામ કરવાની પરવાનગી આપવી જોઇશે.

(ગ) ઉપરના ખંડો (ક) અને (ખ)-માં જણાવેલા વિસ્તારો સિવાયના બીજા કોઇ વિસ્તારમાં અથવા જિલ્લામાં અથવા અંદરના રસ્તે (આવેલી કોઇ દુકાન અથવા સંસ્થા), રાત્રિના ૧૧:00 થી સવારના ૬:00 વાગ્યા સિવાય ખુલ્લી રાખી શકાશે. (સવારના ૬.00 વાગ્યાથી વહેલી ખોલવી જોઇશે નહિ અને રાત્રિના ૧૧.00 વાગ્યાથી મોડી બંધ કરવી જોઇશે નહિ.)

પરંતુ કામદારને, આ અધિનિયમની કલમો ૧૨, ૧૪, ૧૬ અને ૧૮-ની જોગવાઇઓ અનુસાર કામ કરવાની પરવાનગી આપવી જોઇશે.

(૨) XXX XXX XXX

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૭.]

ઇઝ ઓફ લિવિંગ એન્ડ ડુઇંગ બિઝનેસ (જીવન જીવવાની અને વેપાર-ધંધા કરવાની સરળતા) માટે વિશ્વાસ આધારિત શાસન વધુ સુદૃઢ કરવા માટે અમુક અધિનિયમનોમાં સુધારા કરવા બાબત વિધેયક.

[ડૉ. જયરામભાઇ ગામીત,

રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ૩જી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ચેતન પંડ્યા,

સચિવ,

ગુજરાત વિધાનસભા.